# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અમદાવાદના હંસલપુર ખાતે હાઈબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનું લોકાર્પણ કરશે.**
2. **પ્રધાનમંત્રીએ કહ્યું , ગરીબોનું જીવન સરળ બનાવવું એ સરકારની ટોચની પ્રાથમિકતા છે.**
3. **સુરેન્દ્રનગરમાં આજથી તરણેતરના મેળાનો પ્રારંભ થશે.**
4. **રાજ્યના 152 તાલુકામાં વરસાદ - ભાવનગર , દાહોદ, અને છોટાઉદેપુરમાં આજે અતિભારે વરસાદની આગાહી.**
5. **અમદાવાદમાં આયોજિત 30-મી રાષ્ટ્રમંડળ વેઇટલિફ્ટીંગ સ્પર્ધામાં પહેલા જ દિવસે ભારતીય ખેલાડીઓનું ભવ્ય પ્રદર્શન.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે અમદાવાદના હંસલપુર ખાતે હાઈબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનું લોકાર્પણ કરશે. તેમજ 100 દેશને બેટરી ઇલેક્ટ્રિક વાહનોની નિકાસને લીલીઝંડી બતાવશે.

આ પ્રસંગે શ્રી મોદી ઉપસ્થિત લોકોને સંબોધિત પણ કરશે. હંસલપુરમાં આવેલા સુઝૂકી મોટર પ્લાન્ટમાં બે ઐતિહાસિક પહેલનું લોકાર્પણ કરશે.

સાંભળીએ અમારાં સંવાદદાતા અપર્ણા ખુંટનો અહેવાલ.

## (V/C-APARNA KHUNT)

---

# PM MODI SABHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતો, પશુપાલકો અને નાના ઉદ્યમીઓના હિતને દેશ માટે સર્વોપરી ગણાવ્યું. તેમણે કહ્યું, કોઈ પણ દબાણમાં આ સમૂહને કોઈ નુકસાન નહીં થવા દઈએ.

ગઈકાલે અમદાવાદના નિકોલ વિસ્તારમાં ખોડલધામ મેદાનમાં અંદાજે પાંચ હજાર 400 કરોડથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ જનસભા સંબોધતા આ વાત કહી.

## (BYTE: PM NARENDRA MODI) ON FARMERS

પ્રધાનમંત્રીએ સરકાર સમાજના દરેક વર્ગ માટે ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવા સમર્પિત હોવાનું આશ્વાસન આપ્યું. તેમણે કહ્યું, શહેરી ગરીબોનું જીવન સરળ બનાવવું એ સરકારની ટોચની પ્રાથમિકતા છે.

**(BYTE: PM NARENDRA MODI) ON DIGNITY**

દરમિયાન શ્રી મોદીએ લોકોને ભારતમાં બનેલી ચીજવસ્તુઓને પ્રાથમિકતા આપવાનો આગ્રહ કર્યો અને ઉત્પાદકોને પણ ઉત્પાદનની ગુણવત્તા સુધારવા અપીલ કરી.

---

## SMC SUCHANO

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિ- SMCને વધુ સશક્ત બનાવવા નાગરિકો પાસેથી સૂચનો મગાવાશે. રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું , નાગરિકો 45 દિવસ સુધીમાં SMCGUJARAT@SSGUJ.IN પર મોકલી શકશે.

---

## AMUL ELECTION

ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ એટલે કે , આણંદ સ્થિત અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂંટણી માટે અત્યાર સુધી કુલ 16 ઉમેદવારે 25 ઉમેદવારીપત્ર ભર્યા. મતદાર વિભાગ એકમાં 12 બેઠક પૈકી આણંદ , ખંભાત, પેટલાદ અને કપડવંજ બેઠક પર હજી એક પણ ઉમેદવારીપત્ર ભરાયું નથી.

આગામી 10 સપ્ટેમ્બરે નિયામક મંડળની ચૂંટણી અને 12 સપ્ટેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

---

## TARNETAR MELO

સુરેન્દ્રનગરના પ્રખ્યાત તરણેતરના મેળાનો આજથી પ્રારંભ થશે. થાનગઢ નજીક તરણેતર ગામ માં ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના સાંનિધ્યમાં આગામી 29 ઑગસ્ટ સુધી આ લોકમેળો યોજાશે. તેમાં ગ્રામીણ, પરંપરાગત, સાંસ્કૃતિક સ્પર્ધાઓ, રાસ-ગરબા, ભજનની રમઝટ જામશે.

સાંભળીએ એક અહેવાલ.

## (V/C- DINESH PARMAR)

---

## WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી 30 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આજે ભાવનગર, દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની સંભાવના છે. તેને લઈ માછીમારોને 28 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

દરમિયાન રાજ્યમાં આજે સવારે ચાર વાગ્યા સુધીમાં 152 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ ચાર ઇંચ જેટલો વરસાદ સાબરકાંઠાના વિજયનગર તાલુકામાં નોંધાયો. જ્યારે ઉમરપાડા, ખેરગામ, આહવા, વઘઈ, વલસાડ, બાલાસિનોર, નિઝર, સોનગઢ, મોડાસા, કપડવંજ સહિતના તાલુકામાં બેથી સવા ત્રણ ઇંચ જેટલો

વરસાદ થયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 84 ટકા જેટલો વરસાદ વરસ્યો છે. તેમાંથી સૌથી વધુ 86 ટકા જેટલો વરસાદ દક્ષિણ ગુજરાતમાં થયાના અહેવાલ છે.

રાજ્યમાં વરસાદને કારણે 70 બંધ 100 ટકા ભરાઈ ગયા છે. હાલ 96 બંધ હાઈ અલર્ટ અને 26 બંધ અલર્ટ પર રખાયા છે.

---

## RAIN DISTRICT

ગાંધીનગરના સંત સરોવર બંધમાંથી 98 હજાર ક્યૂસેકથી વધુની પાણીની આવક થતાં બંધના તમામ 21 દરવાજા ખોલાયા છે. બંધમાંથી 35 હજાર ક્યૂસેક જેટલું પાણી અમદાવાદના સાબરમતી નદીમાં છોડાયું છે. તેને લઈ સાબરમતીનું જળસ્તર વધશે, જેને લઈ નદી કિનારાના ગામોને સાવચેત કરાયા છે.

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પાસે આવેલા આજી-ત્રણ જળાશયમાં વરસાદી પાણીની આવક વધતાં ગઈકાલે સવારે ત્રણ દરવાજા 0.3 મીટર ખોલાયા. તેના કારણે પડધરી તાલુકાના ખજુરડી , થોરિયાળી અને મોટા ખીજડિયા ગામના લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા સૂચના અપાઈ હોવાનું પૂર નિયંત્રણ એકમ દ્વારા જણાવાયું છે.

તો અમરેલીનો સાંકરોલી બંધ ઑવરફ્લૉ થતાં નદીના પટમાં અને કાંઠા વિસ્તારમાં આવેલા જેતપુર તાલુકાના થાણાગાલોળ , ચારણ સમઢીયાળા, રેશમડી ગાલોળ ગામના લોકોને સલામત સ્થળે ખસી જવા સૂચના અપાઈ છે.

---

# AMDAVAD GOLD SEIZED

કસ્ટમ વિભાગના એર ઇન્ટેલિજેન્સ યુનિટ- **A.I.U.** એ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતર-રાષ્ટ્રીય વિમાનમથક પર બે મોટી કાર્યવાહી કરી.

અમારા પ્રતિનિધિ જણાવે છે , દુબઈથી અમદાવાદ આવેલી ઉડાનની તપાસ વખતે શૌચાલયમાંથી બે થેલી કબજે કરવામાં આવી. તેમાંથી મળેલી વસ્તુની ચકાસણી કરાતાં તે અંદાજે એક કરોડ 93 લાખથી વધુની કિંમતનું સોનું હોવાનું જણાતા કસ્ટમ્સ ઍક્ટ 1962 હેઠળ તેને જપ્ત કરાયું છે.

અન્ય એક કાર્યવાહી અંતર્ગત કમ્બોડિયાથી મલેશિયા થઈ અમદાવાદ વિમાનમથક પર આવેલા બે મુસાફર પાસેથી 52 હજાર 400 જેટલી નશીલી વસ્તુ જપ્ત કરવામાં આવી છે. કસ્ટમ વિભાગે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

---

# WEIGHTLIFTING AMDAVAD

અમદાવાદમાં રમાઈ રહેલી 30-મી રાષ્ટ્રમંડળ વેઇટલિફ્ટીંગ સ્પર્ધાના પહેલા દિવસે ગઈકાલે ભારતીય ખેલાડીઓએ ભવ્ય પ્રદર્શન કર્યું. મહિલાઓની 44થી 48 કિલો શ્રેણીમાં પ્રીતિ સ્મિતા ભોઈએ સ્નેચમાં 63 કિલો અને ક્લિન ઍન્ડ જર્કમાં 87 કિલો વજન ઉંચક્યું. તો પુરુષોના 56થી 60 કિલો વર્ગમાં ધર્મજ્યોતિ દેવઘારિયાએ સ્નેચમાં 97 કિલો અને ક્લિન ઍન્ડ જર્કમાં 127 કિલોનું વજન ઉંચકી ભારતને બીજો સુવર્ણ ચંદ્રક અપાવ્યો.

આ સાથે જ એક વર્ષ બાદ રમતમાં પરત આવેલાં 31 વર્ષનાં ઑલિમ્પિક રજત ચંદ્રક વિજેતા ખેલાડી મીરાંબાઈ ચાનૂએ ગઈકાલે 48 કિલો વજનવર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. તેમણે ક્લિન ઍન્ડ જર્ક મળી કુલ 193 કિલો વજન ઉંચક્યું.

---

## PATAN UNIVERSITY

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વ-વિદ્યાલય દ્વારા તેને સંલગ્ન પાંચ જિલ્લાની સ્વનિર્ભર મહાવિદ્યાલય માટે સામૂહિક ઇન્ટરવ્યૂનું આયોજન કરાયું છે. ગઈકાલે પહેલા દિવસે વિશ્વ-વિદ્યાલય પરિસરના ચાર વિભાગ ખાતે વિવિધ વિદ્યાશાખા અને વિષયના નિષ્ણાતોની પેનલ સાથે ઇન્ટરવ્યૂ યોજાયા.

આજે અને 28 તારીખે યોજાનારા ઇન્ટરવ્યૂ થકી આચાર્ય , સહાયક પ્રાધ્યાપક, પ્રાધ્યાપક, ગ્રંથપાલ સહિતની છ હજારથી વધુ ખાલી જગ્યા ભરાશે તેમ વિશ્વ-વિદ્યાલયના હૉસ્પિટલ મૅનેજમેન્ટ વિભાગના અધ્યક્ષ ડૉક્ટર કે. કે. પટેલે જણાવ્યું.

---